ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૪/૨૦–૨૧/ 486 તારીખ: 08 FEB 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૪/૨૦–૨૧

પ્રતિ,
**શ્રી વસોયા પ્રહલાદભાઈ નાનજીભાઈ,**
મું.બલદાણા,
તા.વઢવાણ,
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં. ૮૮૪૯૦ ૯૦૬૫૭**

**વિષય : નવું ખેતીવાડી વિજ કનેક્શન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૧/૦૧/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૬/૦૧/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૪/૨૦–૨૧/૧૦૮ તા.૦૭/૦૧/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૪/૨૦–૨૧/૨૦૭ તા.૧૬/૦૧/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૮/૦૧/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, **લીંબડી.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૭૪/૨૦–૨૧ ☜

વાદી :– **શ્રી વસોયા પ્રહલાદભાઈ નાનજીભાઈ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજૂઆતની તારીખ:– તા.૨૮/૦૧/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી વસોયા પ્રહલાદભાઈ નાનજીભાઈ – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી વસોયા પ્રહલાદભાઈ નાનજીભાઈ, મું.બલદાણા, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર ની નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૪/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૪/૨૦–૨૧/૧૦૮ તા.૦૭/૦૧/૨૦૨૧ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૮/૦૧/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી વસોયા પ્રહલાદભાઈ નાનજીભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનું કે, અમો તા.૧૧/૦૭/૨૦૧૯ ના રોજ ખેતીવાડી વિષયક નવું વિજ જોડાણ ની માંગણી કરેલ છે.

૧.૨ અમોએ રૂબરૂ તપાસ કરતાં, ત્યાંના કર્મચારી દ્વારા અમોને કહેવામાં આવ્યું કે, તમો એગ્રીમેન્ટ ના નાણાં ન ભરવાના કારણે આપનું કનેકશન રદ થઈ શકે છે અમોને એગ્રીમેન્ટ નો કાગળ જ મળેલ નથી તો અમો કેવી રીતે એગ્રીમેન્ટ ભરી શકીએ અને અમોની જાણ બહાર જ અમારી અરજી રદ કરી નાંખેલ છે.

૧.૩ અમોને ફરીથી અરજી કરવા જણાવેલ છે તો આ સાથે માંગણી કરેલ વિજ કનેકશન ની રસીદ સામેલ છે. તો, ઘટતું કરી આજ પહોંચ ઉપર કનેકશન મળે તેવી વ્યવસ્થા કરી આપવા વિનંતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ સદર વાદીશ્રી ની રજૂઆત અન્વયે, નાયબ ઈજનેર(આર.ઈ), પેટા વિભાગીય કચેરી, રૂરલ લીબડી ના જણાવ્યા મુજબ વાદીશ્રી પ્રહલાદભાઈ નાનજીભાઈ ના નવા ખેતીવાડી વિષયક જોડાણ નું એફ.કયુ. નં–૧૦૭૫૭ તા.૧૦/૧૧/૨૦૨૦ થી આઉટવર્ડ થયેલ છે. પરંતુ, પેટા વિભાગીય કચેરી રૂરલમાં રજીસ્ટર ટીકીટ ન હોવાથી, ગ્રાહકને એફ.કયુ.મોકલવામાં આવેલ નથી.

૨.૨ જે આપ સાહેબની જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર વસોયા પ્રહલાદભાઈ નાનજીભાઈ એ ગામ–બલદાણા, તા.વઢવાણ માં તા.૧૧/૭/૨૦૧૯ ના રોજ નવા ખેતી વિષયક વિજ કનેકશન માટે અરજી નોંધણી કરાવેલ. જે અનુસંધાને પ્રતિવાદીની કચેરીએ અંદાજપત્ર નં–૧૦૭૫૭ તા.૧૧/૧૦/૨૦૨૦ ના રોજ કાઢેલ.પરંતુ, પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરીએ ટપાલ દ્વારા અંદાજપત્ર મોકલાવેલ નહી. જેથી, વાદી તે અંદાજપત્ર ભરી શકેલ નહી.

૩.૨ પ્રતિવાદીને હુકમ કરવામાં આવે છે કે, વાદીએ માંગેલ ખેતી વિષયક નું અંદાજપત્ર દિવસ–૧૦ માં રજી.પોસ્ટ થી મોકલવું. જે ભરપાઈ થયેથી, નિયમ મુજબ આગળ ની કાર્યવાહી કરવી.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

## -:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૨ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એલ.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કાં.લી.:ભાવનગર.

તારીખ:- ૨૮/૦૧/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.